અપીલ અરજી નં.૪૧૬ તા.૨૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણી
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણીની તા.૦૪–૨–૧૧ની અરજીથી (૧) આર.પી. પટેલ એન્જીનીયર ને મેમો આપયા પછી કઈ કાર્યવાહી કરવામાં આવેલ છે તેની જાણ નકલો સાથે અને કેમ આર.વી.ગામીત પર કઈ કાર્યવાહી કરવામાં આવી છે. તેની નકલો આપો. (૨) રૂમ નં.૬૭,૬૮ **BUC** વગર અને કોઈપણ પરવાનગી વગર કેવી રીતે કામ પુરો કરવા દેવામાં આવ્યો અમારી આટલી ફરીયાદો વિજીલન્સના હુકમ અને મેડમના આદેશનો જે અધિકારીઓએ અવગણના કરી અને પોતાના લાભ માટે શો રૂમ નં.૬૭,૬૮ ને ચાલુ કરવા દેવામાં આવ્યુ તેવા અધિકારીઓને કેમ સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૬/૨૦૧૦–૧૧

શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણીની તા.૦૪–૨–૧૧ની અરજીથી (૧) આર.પી. પટેલ એન્જીનીયર ને મેમો આપ્યા પછી કઈ કાર્યવાહી કરવામાં આવેલ છે તેની જાણ નકલો સાથે અને કેમ આર.વી.ગામીત પર કઈ કાર્યવાહી કરવામાં આવી છે. તેની નકલો આપો. (૨) રૂમ નં.૬૭,૬૮ **BUC** વગર અને કોઈપણ પરવાનગી વગર કેવી રીતે કામ પુરો કરવા દેવામાં આવ્યો અમારી આટલી ફરીયાદો વિજીલન્સના હુકમ અને મેડમના આદેશનો જે અધિકારીઓએ અવગણના કરી અને પોતાના લાભ માટે શો રૂમ નં.૬૭,૬૮ ને ચાલુ કરવા દેવામાં આવયુ તેવા અધિકારીઓને કેમ સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે ઈ.ચા. ડે.કમિશ્નર (સી) અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આ. નં.૭૭૭ તા.૨૪–૨–૧૧ થી આપેલ જવાબો ખોટા હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૧૦ તા.૩૦–૩–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કોઈ અરજી તેમની જાણ હેઠળ તબદીલ થયેલ હોય તો તેની વિગતો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૨૫ તા.૬–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૭૭ તા.૨૪–૨–૧૧ નાપત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે ભરેલ નાણા અંગેની પહોંચની નકલ, રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરજીથી અરજદારે રૂમ નં.૬૭,૬૮ ના બીયુસી ગેરકાયદેસર બાંધકામ અને લાગત અધિકારીઓની કાર્યવાહી અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી મ્યુ. કમિ.શ્રી સંબોધતી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આ.નં.૭૭૭ તા.૨૪–૨–૧૧ થી અરજદારને મુદ્દા નં.૨ થી ૪ ની માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજદારે ખોટા જવાબ લખાયા હોવાની રજૂઆત કરેલ છે. (૧) આર.પી. પટેલ એન્જીનીયર ને મેમો આપ્યા પછી કઈ કાર્યવાહી કરવામાં આવેલ છે તેની જાણ નકલો સાથે અને કેમ આર.વી.ગામીત પર કઈ કાર્યવાહી કરવામાં આવી છે. તેની નકલો આપો. જેમાં અરજદારે અપીલમાં મુદ્દા નં.૧ ગાયબ કરી દીધો. જાહેર માહિતી અધિકારીએ આ મુદ્દા અંગે કોઈ માહિતી આપેલ જણાતી નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈ મુજબ દરેક અરજી સ્વતંત્ર હોઈ જાહેર માહિતી અધિકારીએ સદર અરજીની માહિતી પૂરી પાડવાની રહે. (૨) રૂમ નં.૬૭,૬૮ **BUC** વગર અને કોઈ પણ પરવાનગી વગર કેવી રીતે કામ પુરો કરવા દેવામાં આવ્યો અમારી આટલી ફરીયાદો વિજીલન્સના હુકમ અને મેડમના આદેશનો જે અધિકારીઓએ અવગણના કરી અને પોતાના લાભ માટે શો રૂમ નં.૬૭,૬૮ ને ચાલુ કરવા દેવામાં આવ્યુ તેવા અધિકારીઓને કેમ સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે સદર માહિતી રાંદેરઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. જેમાં અરજદારે અપીલમાં બીયુસી અને કોઈ પણ પરવાનગી વગર કેવી રીતે કામ પુરું કરી શો રૂમ ચાલુ કરી દેવામાં આવ્યો અને જવાબોઆટલી ફરીયાદો અને વીજલન્સના પત્રો હુકમો અને મેડમના આદેશોની અવગણના કરી શો રૂમ ૬૭ ,,૬૮ ચાલુ કરી દેવામાં આવ્યો તેવા અધિકારીઓને સસ્પેન્ડ કેમ ન કરવામાં આવ્યા

આર પી. પટેલ અને આર વી. ગામીત તેનો જવાબ આપે. તેઓ તેઓના વિરુધ્ધ શું જવાબ આપશે તેવી ફરીયાદને લગતી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.(૩) રૂમ નં.૬૭, ૬૮ ને ઓકટોબર પછી જે નોટીસ અથવા કોઈ એસએમસીની સીલ કરવાની નોટીસ અથવા જે કાર્યવાહી કરવામાં આવી હોય તેની નકલો આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રૂમ નં.૬૭ ૬૮ માં ઓકટોબર પછી જે કાર્યવાહી કરવામાં આવી છે જેના નકલના રૂા.૨/– લેખે ઝોન કચેરીએ ભરપાઈ કર્યેથી ઉપલબ્ધ થઈ શકશે જે અંગે અરજદારે રસીદ નં.૨૩૫૨૫૩ તા.૧૦–૩–૧૧ થી નાણા ભરપાઈ કર્યા અંગેના પત્ર પર રસીદ નંબર જણાવી જમા લીધાનું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં તા.૨૦–૧૨–૧૦ ની વિકાસ પરવાનગી માંગતી અરજીના સંદર્ભે રૂમ નં. ૬૭ ૬૮ ના માલીકે તા.૨૮–૮–૧૦ નો પત્ર આ શું છે સીલ કરવાની નોટીસ કોઈ કાર્યવાહી ઓકટોબરથી કરી હોય તો તેની નકલો માંગી હતી. (૪) રૂમ નં.૬૭ ૬૮ માં થયેલ બાંધકામ ગેરકાયદેસર દુર કરવામાં આવશે તેની લેખિતમાં અમને પત્ર આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડ ની જ માહિતી આપવાની હોય છે '' તેવુ જણાવેલ છે. જે અંગે અરજદારે અમે બે વર્ષથી અરજીઓ કરીએ છીએ તો એસએમસી આ વિષયમાં શું કાર્યવાહી કરશે તે કેમ જણાવતી નથી. આમ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. અરજદારની રજૂઆત કયારે કાર્યવાહી કરવામાં આવશે ? જે આરટીઆઈ કાયદાની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતીની જોગવાઈ સાથે સુસંગત નથી. આમ અરજદારને મુદ્દા નં.૧ ની સ્વતંત્ર અરજી અંગેની માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. જયારે મુદ્દા નં.૨ અંગે અરજદારની રજૂઆત ફરીયાદને લગતી છે. મુદ્દા નં.૩ અંગે અરજદારે નાણા ભરપાઈ કર્યા બાદ તેમને નકલ આપી કે કેમ? તે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કે અરજદાર કક્ષાએથી અપીલ તબકકે પ્રકાશ પાડવામાં આવેલ નથી જો તે પૂરી પડાયેલ ન હોય તો આપવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતે નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે તથા મુદ્દા નં.૩ ની નકલ મોકલાયેલ ન હોય તો દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. અરજદારની મુદ્દા નં.૨ અંગે ફરીયાદને લગતી કાર્યવાહી બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રાજકુમાર ગ્યાનચંદ વટવાણી,